**JG-001-001627** Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**August – 2019**

## Gujarati : Paper - 22

**(અપઠિતઃ કાવ્યનો આસ્વાદ, ગદ્યખંડનું વિવરણ, સાહિત્યિક - સાંસ્કૃતિક નિબંધો)**

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(2) પ્રશ્નની જમણી બાજુ ગુણ દર્શાવ્યા છે.
(3) કુલ પાંચ પ્રશ્નો છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **14**

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું
જૂનું ઝાડું, ટુથબ્રશ, વળી લક્સ સાબૂની ગોટી.
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યાં ચશ્મા, ક્લિપ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દશકો મુગ્ધ દાંપત્ય કેરો,
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલ જાણે
'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

**- બાલમુકુન્દ દવે**

**અથવા**

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
ભારનું વાહન કોણ બની રહે નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાયે દુકૂલ.
નિબિડ રાતના કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
આપણે ના કંઈ રંક ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર :
આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર,
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

**- રાજેન્દ્ર શાહ**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

યંત્રોથી ભરેલી આપણી દુનિયાએ જે અદ્‌ભુત પરાક્રમો કર્યાં છે તેમાં કંઈ આપણું મનુષ્યત્વ ઝળકતું નથી. એ તો નરી કરામતો છે. તે એવી કરામતો તો અતિશય બુદ્ધિશાળી પ્રાણીઓને કેળવીને તેમની પાસે પણ કરાવી શકાય. જગતમાં યંત્રો જેટલા પ્રમાણમાં વધતાં જાય છે તેટલા પ્રમાણમાં આપણું જીવન મધમાખો અને કીડીઓના જેવું, વ્યક્તિત્વ વિનાનું બનતું જાય છે.

**- ડૉ. રાધાકૃષ્ણન**

**અથવા**

'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' એ કહેવત જાણીતી છે. 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે કે 'કૂવામાં હોય તેટલું ને તેવું' હવાડામાં આવે. તેના કરતાં વધારે ન આવી શકે એ દેખીતું છે. વળી કૂવાનું ચોખ્ખું હોય, પણ હવાડામાં બગડે એમ બને; પણ કૂવાનું દૂષિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે એમ બને નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી, પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહિ.

**- કિશોરલાલ મશરૂવાળા**

3 નીચેનો નિબંધ લખો : 14

નવી પેઢીના પ્રશ્નો

**અથવા**

સાંપ્રત શિક્ષણની સમસ્યાઓ.

4 નીચેનો નિબંધ લખો : 14

સાહિત્ય અને ધર્મ

**અથવા**

સાહિત્ય અને સમાજાભિમુખતા.

5 નીચેના ચાર પૈકી કોઈ પણ **બે**ના જવાબ આપો : 14

(1) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અને પ્રશ્નો

(2) સાહિત્ય અને જીવનમૂલ્યો

(3) જીવનમાં સાહિત્યનું સ્થાન

(4) સમૂહ માધ્યમોનાં લાભાલાભ.